# ભારતનું ૨૯મું રાજ્ય તેલંગાણા




નવી દિલ્હી,તા. ૩૦

જેની ઘણા સમયથી ભારે ચર્ચા ચાલી રહી હતી તે અલગ તેલંગાણા રાજ્યને આજે આખરે લીલીઝંડી મળી ગઈ હતી. આની સાથે જ છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલી તમામ અટકળોનો પણ અંત આવી ગયો હતો. તેલંગાણા ભારતના ૨૯માં રાજ્ય તરીકે બનશે. આજે કોંગ્રેસ કારોબારી સમિતિની બેઠકમાં અલગ રાજ્યની રચનાને મંજુરી આપવામાં આવી હતી. રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં પહેલા યુપીએ સંકલન સમિતિની બેઠક અને ત્યારબાદ કોંગ્રેસ કારોબારી સમિતિની બેઠક યોજાઈ હતી જેમાં અલગ તેલંગાણા રાજ્યને વિધિવતરીતે લીલીઝંડી આપવામાં આવી હતી આ અગાઉ યુપીએના સાથી પક્ષોએ પણ અલગ રાજ્યની રચનાને મંજુરી આપી હતી. પત્રકારો સાથે વાતચીત કરતા કોંગ્રેસના વરિષ્ઠનેતાઓ અજય માકન અને દિગ્વિજયસિંહે કોંગ્રેસ કારોબારી સમિતિની બેઠકમાં લેવામાં આવેલા નિર્ણયની વિધિવતરીતે જાહેરાત કરી હતી. અજય માકને પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતુ કે કેન્દ્ર સરકાર હવે તેલંગાણાની રચના માટે પગલા લેવા સૂચના આપશે. તેમણે ઉમેર્યુ હતુકે હૈદરાબાદ ૧૦ વર્ષ સુધી તેલંગાણા અને આંધ્રપ્રદેશના પાટનગર તરીકે રહેશે. તેમણે એમ પણ કહ્યુ હતુ કે વ્યાપક ચર્ચા વિચારણા કરવામાં આવ્યા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે. તમામ સાથી પક્ષોની બાબતનો ધ્યાનમાં લેવામાં આવી છે. કોંગ્રેસ કારોબારી દ્વારા ટેકો આપવા સંબંધિતોને અપીલ કરવામાં આવી છે. અગાઉ યુપીએની બેઠક મળી હતી જેમાં નાગરિક ઉડ્ડયન પ્રધાન અજિતસિંહે કહ્યુ હતુ કે યુપીએ સંકલન સમિતિની બેઠકમાં તેલંગાણાની રચના અંગે સર્વસંમતિથી નિર્ણય લેવામાં આવી ચુક્યો છે. કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ વડાપ્રધાન મનમોહનસિંહ સાથે પણ અગાઉ વાત કરી હતી. સોનિયા ગાંધી ગૃહપ્રધાન સુશીલકુમાર શિંદે, નાણાંપ્રધાન પી ચિદમ્બરમ, એઆઈસીસીના જનરલ સેક્રેટરી દિગ્વિજયસિંહ, ગુલામનબી આઝાદ, સોનિયા ગાંધીના રાજકીય સચિવ અહેમદ પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા. આંધ્રપ્રદેશ અને રાયલસીમાના નેતાઓ તરફથી જોરદાર વિરોધ છતા આ નિર્ણય લેવામાં આવ્યો છે. દરમિયાન કેન્દ્ર સરકારના નિર્ણય બાદ કોઈ પણ હિંતા ન થાય અને સાવચેતીના પગલા રૂપે ૧૦૦૦ વધારાના જવાનો મોકલવામાં આવ્યા છે.

# પાકની જેલ ઉપર તાલિબાનનો હુમલો

## ૩૦૦ કેદીને છોડાયા, ૬૦ થી વધુ બોમ્બ બ્લાસ્ટ

ઈસ્લામાબાદ,તા. ૩૦

પાકિસ્તાનમાં તાલિબાની આતંકવાદીઓએ અતિ ભીષણ હુમલો કરીને ૩૦૦ કેદીઓને છોડાવી દીધા હોવાના અહેવાલ મળ્યા છે. તાલિબાન દ્વારા કરવામાં આવેલા આ હુમલાથી પાકિસ્તાન સરકાર હચમચી ઉઠી છે. પાકિસ્તાની જેલ ઉપર તાલિબાને યોજનાપૂર્વક આ હુમલો કર્યો હતો. પોલીસના વેશમાં આવેલા પાકિસ્તાની તાલિબાનોએ તાલિબાની ત્રાસવાદીઓએ દેશના ઉત્તર પશ્ચિમ શહેર ડેરા ઈસ્માઈલ ખાનની જેલ ઉપર હુમલો કર્યો હતો અને ૩૦૦થી વધુ કેદીઓને છોડાવી દીધા હતા. જેલના અધિકારીઓએ કહ્યું છે કે તાલિબાન્ દવારા કરવામાં આવેલા આ હુમલામાં કેટલાક કેદીઓ, ચાર સુરક્ષા જવાનો અને



બે હુમલાખોરો માર્યા ગયા છે. આ જેલમાં ૫૦૦૦થી વધુ કેદીઓ રહે છે જે પૈકી ૨૫૦થી વધુ કુખ્યાત અને ખતરનાક આતંકવાદીઓ હતા. જેલ મંત્રાલયના સલાહકાર મલિક કાસીમ ખતકે કહ્યું છે કે આશરે ૫૦થી ૬૦ જેટલા બંદૂક ધારીઓએ બોમ્બ અને ગન સાથે હુમલો કરી દીધો હતો. અટકાયતી કેન્દ્રમાં ઘૂસી જતા પહેલા આ લોકોએ ઘણા બોમ્બ બ્લાસ્ટ કર્યા હતા. જેલની અંદર ૬૦ જેટલા બોમ્બ મૂકાયા હોવાના અહેવાલ મળ્યા છે જેના કારણે જેલની દિવાલ તૂટી ગઈ હતી. હુમલાખોરોએ ૬૦ જેટલા બ્લાસ્ટ એક પછી એક કર્યા હતા.


હુમલાખોરો ૩૦૦થી વધુ કેદીઓને છોડાવી દેવામાં સફળ રહ્યા છે. ખતકે કહ્યું હતું કે આતંકવાદીઓએ બે ઈલેક્ટ્રીસિટી ટ્રાન્સફોર્મરો ઉડાવી દીધા હતા જેથી સંપૂર્ણપણે અંધારપટની સ્થિતિ સર્જાઈ ગઈ હતી. આ હુમલા માટેની જવાબદારી તહેરીકે તાલિબાન પાકિસ્તાન દ્વારા સ્વીકારી લેવામાં આવી છે અને જણાવવામાં આવ્યું છે કે તેમના હુમલાખોરોએ ૩૦૦ કેદીઓને છોડવી દીધા છે. આત્મઘાતી બોમ્બરોની ટૂકડી સહિત ૧૫૦થી વધુ લોકને આ હુમલો કરવા માટ મોકલવામાં આવ્યા હતા. તહેરીકે તાલિબાનના નવા નિમાયેલા પ્રવક્તા સાહી દુલ્લા શહીદે કહ્યું છે કે આ ઓપરેશન સંપૂર્ણપણે સફળ રહ્યું છે. આતંકવાદીઓ અને પોલીસ જવાનો વચ્ચે હિંસક અથડામણ પણ થઈ હતી. આ હુમલાના કારણે જેલને ભારે નુકસાન પણ થયું છે. આશરે ૫૦૦૦ જેટલા કેદીઓ પ્રતિબંધિત સંગઠનો સાથે જોડાયેલા હતા જે હાલમાં જેલમાં હતા. હેન્ડગ્રેનેડ સાથે આંતકવાદીઓએ પોલીસ વાહનોને ફૂંકી માર્યા હતા.

# નીતિશ પીએમ બનવા લાયક છે : શત્રુઘ્ન

પટણા,તા. ૩૦

બોલિવુડના અભિનેતા અને પટણા સાહિબમાંથી સાંસદ શત્રુઘ્નસિંહાએ વારંવાર બિહારના મુખ્યમંત્રી નીતિશકુમારની પ્રશંસા કરીને ભાજપની મુશ્કેલી વધારી દીધી છે. શત્રુઘ્નસિંહાની હવે ભાજપમાંથી હકાલપટ્ટી થાય તેવા સંકેત પણ દેખાઈ રહ્યા છે. નીતિશકુમારની પ્રશંસા કરીને શત્રુઘ્નસિંહાએ આજે કહ્યુ હતુ કે નીતિશકુમાર પીએમ બનવા માટે લાયક છે.

સિંહાએ કહ્યુ હતુકે નીતિશની અંદર પીએમ બનવાની યોગ્યતા છે. તેમની ક્ષમતા સામે કોઈ પ્રશ્ન કરી શકે નહીં. શત્રુઘ્નસિંહાએ એમ પણ કહ્યુ હતુ કે જેડીયુ અને ભાજપ ગઠબંધન તૂટવા માટે નીતિશકુમાર જવાબદાર નથી. અલબત્ત તેમણે એમ કહ્યુ ન હતુ કે આના માટે જવાબદાર કોણ છે. એમ માનવામાં આવે છે કે તેમનો ટાર્ગેટ નરેન્દ્ર મોદી હતા. સિંહાએ કહ્યુ હતુકે ભાજપની અંદર જોડવાની વાત કરી રહ્યા છે. તેઓ તોડનાર લોકોમાં સામેલ નથી. સૂત્રો પાસેથી પ્રાપ્ત અહેવાલ મુજબ તેમના આ નિવેદન બાદ તેમની સામે શિસ્તની કાર્યવાહી કરવામાં આવી શકે છે. આ અગાઉ પણ શત્રુઘ્નસિંહા ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની



સામે બળવાનું રણશિંગુ ફુંકી ચુક્યા છે. મોદીને પીએમ પદ સુધી પહોંચાડવા માટે અડવાણી અને સુષ્મા સ્વરાજ જેવા સિનિયર નેતાઓની અવગણના કરવામાં આવી રહી હોવાનો આક્ષેપ તેમણે કર્યો હતો. સિંહાએ ચેતવણી આપતા કહ્યુ હતુકે નીતિશકુમાર અને ભાજપ વચ્ચેના સંબંધોને તૂટવાથી પક્ષને નુકસાન થશે. ભાજપની શોટગને ફરી નિવેદન કરીને પરેશાની વધારી દીધી છે. બિહારી બાબુના નામથી લોકપ્રિય શત્રુઘ્નસિંહાએ આજે એમ કહીને મોટો વિવાદ છેડ્યો હતો કે નીતિશકુમાર પીએમ મટેરિયલ છે. અને તેમનામાં તમામ યોગ્યતા છે. દેશના શ્રેષ્ઠ મુખ્યમંત્રીઓ પૈકીના એક છે.

બિહાર માટે તેઓએ શ્રેષ્ઠ કામગીરી અદા કરી છે. ભાજુપ મોદીને વડાપ્રધાન પદના ઉમેદવાર જાહેર કરવાની તૈયારીમાં છે ત્યારે આ નિવેદન આવ્યુ છે. બંને પક્ષો વચ્ચે મધ્યસ્થિની ભૂમિકા અદા કરવાની પણ ઈચ્છા તેઓએ વ્યક્ત કરી છે. સંખ્યાબળના આધારે વડાપ્રધાન કોણ બનશે તે નક્કી કરાશે.

# સેન્સેક્સ ૨૪૫ પોઈન્ટ ઘટી ૧૯૩૪૮ની નીચી સપાટીએ

મુંબઈ,તા. ૩૦

શેરબજારમાં આરબીઆઈની પોલીસી સમિક્ષાના દિવસે તીવ્ર મંદીનું મોજુ ફરી વળ્યુ હતુ. કારોબારના અંતે સેન્સેક્સ ૨૪૫ પોઈન્ટ ઘટીને ૧૯૩૪૮ની નીચી સપાટીએ રહ્યો હતો જ્યારે નિફ્ટી ૭૭ પોઈન્ટ ઘટીને ૫૭૫૫ની નીચી સપાટીએ રહ્યો હતો. આરબીઆઈએ તેની પોલીસી સમિક્ષામાં તમામ વ્યાજદર યથાવત રાખવાનો નિર્ણય કર્યો હતો આ ઉપરાંત ઉંચી વર્તમાન ખાતાકીય ખાદ્યને અંકુશમાં લેવા તાકીદના પગલા લેવા સરકારને અપીલ કરવામાં આવી હતી. આવી સ્થિતિ વચ્ચે કોર્પોરેટ જગતમાં નિરાશા ફેલાઈ ગઈ હતી. આરબીઆઈ પાસેથી પગલાની અપેક્ષા રાખવામાં આવી રહી હતી. એશિયમ બજારમાં આજે ઉથલપાથલ જોવા મળી હતી. જાપાનના નિક્કીમાં બાઉન્સ બેકની સ્થિતિ રહી હતી જ્યારે હેંગસેંગ ઈન્ડેક્સ ૦.૫ ટકા ઉછળીને ૨૧૯૫૪ની સપાટીએ રહ્યો હતો. આવી જ રીતે સંઘાઈ કમ્પોઝિટમાં ૦.૭ ટકાનો સુધાર રહ્યો હતો. સેક્ટર અને અને શેરની વાત કરવામાં આવે તો એક માત્ર આઈટી ઈન્ડેક્સમાં આજે હકારાત્મક સ્થિતિ રહી હતી. તેમા ૦.૯ ટકાનો સુધાર રહ્યો હતો જ્યારે મંદીમાં રહેલા સેક્ટરલ ઈન્ડેક્સમાં ઓઈલ એન્ડ ગેસ, રિયાલિટી, પાવર, પીએસયુ ઈન્ડેક્સનો સમાવેશ થાય છે. આ તામમમાં ત્રણ ટકા સુધીનો ઘટાડો રહ્યો હતો. જ્યારે ઓટો, એફએમસીજી અને મેટલ ઈન્ડેક્સમાં ૨-૨ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. સેન્સેક્સના જે શેરમાં તેજી નોંધાઈ હતી તેમાં વિપ્રો, ટીસીએસ અને ઈન્ફોસિસનો સમાવેશ થાય છે. આ તમામમાં ૦.૬થી ૨.૭ ટકા સુધીનો સુધાર રહ્યો હતો. જ્યારે જીંદાલ સ્ટીલ, એલએન્ડટી, સનફાર્મા, કોલ ઈન્ડિયામાં ૦.૬થી ૧.૪ ટકાનો ઉછાળો નોંધાયો હતો. મંદીમાં રહેલા શેરમાં ઓઈલ એન્ડ ગેસની મહાકાય કંપની રિલાયન્સ, ઓએનજીસી અને ગેઈલ ઈન્ડિયાનો સમાવેશ થાય છે. માર્કેટ બ્રિડથ નકારાત્મક રહી હતી. ૧૫૬૩ જેટલા શેરમાં મંદી રહી હતી જ્યારે ૭૦૫ શેરમાં તેજી જોવા મળી હતી. એફએમસીજીની મોટી કંપની આઈટીસી અને હિન્દુસ્તાન યુનિલિવર પણ નકારાત્મકરીતે બંધ રહ્યા હતા. આ બંનેમાં બે-બે ટકાનો ઘટાડો રહ્યો હતો. જ્યારે ભારતી એરટેલ, એનટીપીસી, ભેલ અને તાતા પાવરમાં ૨-૩.૭ ટકા જેટલો ઘટાડો નોંધાયો હતો.

# ૧૪મી ફેબ્રુઆરી ૨૦૧૫થી વર્લ્ડકપની શરૂઆત

મેલબોર્ન,તા. ૩૦

જેની ઉત્સુકતાપૂર્વક ક્રિકેટ ચાહકો રાહ જોઈ રહ્યા હતા તે આઈસીસીના વર્લ્ડકપના ૨૦૧૫ના કાર્યક્રમની આજે સવારે વિધિવત રીતે જાહેરાત કરવામાં આવી હતી. આ કાર્યક્રમની જાહેરાતની સાથે જ છેલ્લા ઘણા દિવસથી ચાલી રહેલી અટકળોનો પણ અંત આવી ગયો છે. ૨૦૧૫ના વર્લ્ડકપની ખાસ વિશેષતા એ છે કે આ વર્લ્ડકપમાં વર્તમાન ચેમ્પિયન ભારત અને તેના નજીકના હરીફ પાકિસ્તાનને એક જ ગ્રૂપમાં રાખવામાં આવ્યા છે. ભારત પોતાની પ્રથમ મેચ ૧૫મી ફેબ્રુઆરીના દિવસે રમશે. આશરે ૨૩ વર્ષના લાંબાગાળા બાદ ફરી એકવાર ઐતિહાસિક મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ ઉપર ફાઈનલ મેચ રમાશે. અત્રે નોંધનીય છે કે ૧૯૯૨માં ઈમરાન ખાનના નેતૃત્વમાં પાકિસ્તાનની ટીમે ઓસ્ટ્રેલિયાના આ જ મેદાન ઉપર ઈંગ્લેન્ડને ફાઈનલમાં હાર આપીને પ્રથમ વખત વિશ્વકપ ચેમ્પિયનશીપ જીતી લેવામાં સફળતા મેળવી હતી. વિશ્વકપના બે સેમીફાઈનલ મેચ સિડની અને ન્યૂઝીલેન્ડના ઓકલેન્ડમાં રમાશે. ૧૪મી ફેબ્રુઆરી ૨૦૧૫થી વિશ્વકપની



શરૂઆત થશે. ૧૫મી ફેબ્રુઆરીના દિવસે ભારત પોતાની મેચ રમશે. વિશ્વકપ ૨૦૧૫માં કુલ ૧૪ ટીમો ભાગ લેનાર છે. ૧૦ ટેસ્ટ મેચ ખેલનાર ટીમો ઉપરાંત ચાર એશોસીએટ દેશ પણ આ સ્પર્ધામાં ભાગ લેશે. પ્રથમ દિવસે ૧૪મી ફેબ્રુઆરીના દિવસે ન્યૂઝીલેન્ડ અને શ્રીલંકા તથા ઈંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયા વચ્ચે જંગ ખેલાશે. બંને યજમાન ટીમ વિશ્વકપની શરૂઆતના પ્રથમ દિવસે જ પોતપોતાની મેચો રમશે. ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડમાં યોજાનાર આ વર્લ્ડકપમાં ૭-૭ ટીમોના બે ગ્રૂપ બનાવવામાં આવ્યા છે. ભારત અને પાકિસ્તાન ઉપરાંત ગ્રૂપ બીમાં દક્ષિણ આફિકા, વેસ્ટ ઈન્ડિઝ, ઝીમ્બાબ્વે અને બે એસોસીએટ દેશ સામેલ છે. એસોસીએટ દેશોમાં આયર્લેન્ડ ઉપરાંત અન્ય એક દેશ અંગે હજુ નિર્ણય કરવામાં આવ્યો નથી. વર્લ્ડકપમાં ૪૪ દિવસના ગાળા દરમિયાન કુલ ૪૯ મેચો રમાશે. આ તમામ મેચ ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડના ૧૪ શહેરોમાં આયોજિત કરવામાં આવશે. દરેક ટીમ પોતાના પુલમાં છ મેચો રમશે. પુલની સાત પૈકીની ચાર ટીમો ક્વાર્ટર ફાઈનલમાં પહોંચશે. ગ્રૂપ એમાં જે ટીમો રાખવામાં આવી છે તેમાં ઈંગ્લેન્ડ, ઓસ્ટ્રેલિયા, શ્રીલંકા, બાંગ્લાદેશ, ન્યૂઝીલેન્ડ, ક્વાલિફાયર ૨ અને ક્વાલિફાયર ૩નો સમાવેશ થાય છે. જે સ્થળો ઉપર મેચો રમાનાર છે તેમાં એડીલેટ, ઓકલેન્ડ, બ્રિસબેન, કેનબેરા, ક્રાઈસ ચર્જ, ડબલીન, મેપિયન, નેલસન, હેમિલ્ટન, હોબાર્ટ, મેલબોર્ન, પર્થ, સિડની અને વેલિંગટનનો સમાવેશ થાય છે.

## સમાચાર ઝલક

- ♥ ભારતમાં હવે થ્રીજી ગ્રાહક નેટવર્ક ૫૬ મિલિયન થશે.
- ♥ આઇ.આઇ.એમ.માં મહિલા ઉમેદવારોની સંખ્યામાં વધારો, કુલ ૧૧૫ સીટમાં વધારો થયો.
- ♥ હાર્ટને લગતાં વિવિધ રોગથી દેશમાં સૌથી વધુ મોત : રિપોર્ટ.
- ♥ રાંધણગેસના સિલિન્ડર મેળવવા વલખાં મારતા અમદાવાદવાસીઓ.
- ♥ યુનિવર્સિટીના વહીટવટ ઉપર અંકુશ લાવવા સરકાર સક્રિય.
- ♥ ઇટાલીમાં બસ ખાઇમાં પડતાં ૩૬ લોકોનાં મોત નિપજ્યા.
- ♥ સરકારના પ્રયત્નો નિષ્ફળ, અનેક પ્રતિબંધો લાદવા છતાં જુલાઇ મહિનામાં સોનાની આયાતમાં વધારો.
- ♥ અમેરિકામાં યોજાનાર ઇન્ડિયા-ડે પરેડમાં અન્ના હજારે અને વિદ્યા બાલનને આમંત્રણ.
- ♥ મગફળીના ભાવ સરકારી ટેકાના ભાવથી પણ નીચા, ખેડૂતોને ખોટ.
- ♥ સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં પશ્ચિમ બંગાળમાં મમતા બેનરજીની તૃણમૂલ કોંગ્રેસની આગેકૂચ.
- ♥ ફિલિપાઇન્સનો બોક્સર મેનીયે કિવિઓએ નિવૃત્તિ બાદ રાષ્ટ્રપતિની ચૂંટણીમાં ઝંપલાવવાનું નક્કી કર્યું.
- ♥ દેશમાં ચાર વર્ષમાં ૫૫૫ બનાવટી એન્કાઉન્ટર થયા : માનવ અધિકાર પંચ.
- ♥ વૃદ્ધિદર ઘટાડતી રિઝર્વ બેંક.
- ♥ ‘દીકરી વિના સુનો સંસાર’ ફિલ્મની અભિનેત્રી સોનલની આત્મહત્યા.
- ♥ બ્રિટનમાં નવ વર્ષની છોકરીઓ પર ટૂકું સ્કર્ટ પહેરવા પર એક શાળામાં પ્રતિબંધ.
- ♥ બટલા હાઉસનાં આરોપી શહજાદને આજીવન કૈદ.
- ♥ વડોદરામાં એક કુટુંબે સ્મશાનઘરમાં બર્થ-ડે કેક કાપી ઉજવણી કરી.
- ♥ ૨૦૧૫માં વર્લ્ડકપમાં એ-ગ્રુપમાં ભારત-પાકિસ્તાન.
- ♥ ડીગ્રી એન્જીનીયરીંગ કેસમાં સુપ્રીમનો સ્ટે, ફી ભરી પ્રવેશ મેળવવા આદેશ.

## Hello ફ્રેન્ડસ! (પાના નં. ૪ નું ચાલુ)

નોકર, ચાકર, શેઠ, શેઠાણી, મમ્મી-દીકરી, કામવાળા, શિક્ષક કે દુકાનદાર કોઈ પણ વ્યક્તિ જયારે એની લાકડીથી જ વસ્તુ હાંકવા લાગે ત્યારે હંમેશાં એવું જ લાગે કે આ વ્યક્તિ મને સમજતી નથી, અને એને મનમાં ખટકયાં કરે કે મારો શેઠ, મારો નોકર, વિદ્યાર્થી કે શિક્ષક મને સમજે તો સારૂં... આ ‘મને જરા સમજી લો’ ફેક્ટરમાં સમજૂતી અને સમાધાન બંને ક્ષેત્રે જરૂરી છે. જો બંને જણા અલગ અલગ દિશામાં પૂંછડું ખેંચે તો વાત બનવાને બદલે વણસવાની શક્યતાં વધુ છે.

ફરી મુળ વાતમાં અનુસંધાને આવીએ તો સોનલને એની મમ્મીએ સિનેમા જોવા જવું દેવું જોઈએ અને સાથે સમજાવવી જોઈએ કે આ ત્રણ કલાકનું એડજેસ્ટમેન્ટ કરીને બેકલોગ પુરો કરજો, સાથે સોનલે પણ આક્રમક રૂખ ના અપનાવતાં ફિલ્મનું સાટું વાળવાની વાત કરી મમ્મીનાં વ્હાલ સાથે ફિલ્મની ટીકીટ મેળવવી જોઈએ. સચિને શિક્ષક સામે એગ્રેસીવ ના બનતાં સમજણથી એ જ વાત સમજાવે તો કદાચ એને ૪ પિરિડય બાદ છૂટ્ટી મળી શકે અને એ વધુ ભણી શકે. બૉસ માત્ર શંભુભાઈ ને લેકચર આપવાની જગ્યાએ પ્રોબ્લેમ સમજી સોલ્યુશન આપે તો દરેક કેસમાં વીન-વીન કન્ડીશન સર્જાઈ જાય.

**ચૂંટલો :**

શિક્ષક, બોસ કે મમ્મી દરેકને વિદ્યાર્થી, કર્મચારી કે બાળક દિલથી મહેનત કરી એમને ચાહતાં જ હોય છે અને એમનું સારૂં દેખાય એવું જ વર્તતા હોય છે. માત્ર એમનાં ઉપરી એ ‘એમને સમજી લેવાની’ જરૂર છે, જયાં એકબીજાને સમજી લેવાની સમજણ છે ત્યાં પ્રોડકટીવીટી વધુ છે.

# રિફાઈન્ડ ઓઈલ ઉપર આયાત ડ્યુટી વધી શકે

નવી દિલ્હી,તા. ૩૦

કૃષિ મંત્રાલય દ્વારા રિફાઈન્ડ ઓઈલ પર આયાત ડ્યુટીમાં વધારો કરવા માટેની આજે ભલામણ કરી હતી. કૃષિ મંત્રાલયની દરખાસ્ત મુજબ મંત્રાલય દ્વારા આયાત ડ્યુટી વર્તમાન ૭.૫ ટકાથી વધારીને ૧૦ ટકા કરવાની રજુઆત કરી છે. ઈમ્પોર્ટટેડ રિફાઈન્ડ ઓઈલ ખાદ્યતેલ પર આયાત ડ્યુટી ૧૦ ટકા સુધી કરવાની રજુઆત કરવામાં આવ્યા બાદ આ દરખાસ્ત હવે કેબિનિટે સમિતિ સમક્ષ રજુ કરાશે. આનાથી ક્રૂડ ખાદ્યતેલની સરખામણીમાં રિફાઈન્ડ ખાદ્યતેલની આયાત વધુ મોંઘી થશે. હાલમાં રિફાઈન્ડ ખાદ્યતેલનો આયાતી ખર્ચ આયાત કરવામાં આવતા ક્રૂડ ઓઈલ કરતા સસ્તો છે. ઈન્ડોનેશિયા અને મલેશિયા જેવા નિકાસ કરતા દેશો દ્વારા જુદા જુદા ડ્યુટી માળખાઓને અમલી બનાવવામાં આવ્યા છે જેના પરિણામ સ્વરૂપે કૃષિ મંત્રાલય દ્વારા હવે આયાત ડ્યુટીને વધારવાની રજુઆત કરી છે.

# સ્પોટ ફિક્સીંગ કેસ : ચાર્જશીટમાં દાઉદ, શકીલ આરોપીની યાદીમાં

મુંબઈ,તા. ૩૦

સમગ્ર દેશને હચમચાવી મુકનાર આઈપીએલ સ્પોટ ફિક્સીંગ મામલામાં દિલ્હી પોલીસે આજે સાકેત કોર્ટમાં પોતાની ચાર્જશીટ દાખલ કરી હતી. આઈપીએલ સ્પોટ ફિક્સીંગ અને બેટિંગ કૌભાંડમાં દાખલ કરવામાં આવેલી ચાર્જશીટમાં અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહીમ અને છોટા શકીલના નામનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ૬૦૦૦ પાનાની ચાર્જશીટમાં દિલ્હી પોલીસે મકોકા અને આઈપીસીની જુદી જુદી કલમો હેઠળ આક્ષેપો કર્યા છે. આ ચાર્જશીટમાં અંડરવર્લ્ડ ડોન દાઉદ સહિત ૩૯ લોકોને આરોપી બનાવવામાં આવ્યા છે. આ ચાર્જશીટમાં ખેલાડીઓને પણ આરોપી બનાવવામાં આવ્યા છે જેમાં શ્રીસંત, અજિત ચંડિલા અને અંકિત ચૌહાણનો સમાવેશ થાય છે. આઈપીએલ-૬ દરમિયાન આ કૌભાંડનો પર્દાફાશ કરવામાં આવ્યો હતો. ચાર્જશીટમાં જણાવવામાં આવ્યુ છે કે દાઉદ ઈબ્રાહીમઅને છોટા શકીલ સ્પોટ ફિક્સીંગને કન્ટ્રોલ કરી રહ્યા હતા. મેચ ફિક્સીંગ પર




બીસીસીઆઈની તપાસ સમિતિના અહેવાલ બાદ એક અગ્રણી અખબારના અહેવાલમાં જણાવવામાં આવ્યુ હતુ કે શ્રીસંત મેચ ફિક્સીંગના આક્ષેપમાંથી મુક્ત થઈ શકે છે કારણકે આ મામલામાં ખેલાડીઓની ચકાસણી કરી રહેલા રવિ સાવણીના બે અહેવાલ અંગે પ્રશ્નો ઉઠાવવામાં આવી રહ્યા છે. મુંબઈ પોલીસના જોઈન્ટ કમિશનરનું કહેવું છે કે મુંબઈ ક્રાઈમ બ્રાંચે ગુરુનાથ મેયપ્પનને ક્લીનચીટ આપી નથી. આઈપીએલ બેટિંગમાં હજુ તપાસ ચાલી રહી છે. મુંબઈ પોલીસનું કહેવું છે કે આ મામલામાં ધરપકડ હજુ ચાલી રહી છે જેથી કોઈને ક્લીનચીટ આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

શ્રીસંત અને ચૌહાણ સહિત ૨૧ આરોપીઓને કોર્ટ દ્વારા જામીન આપવામાં આવી ચુક્યા છે જ્યારે ચંડિલા સહિત અન્ય જ્યુડિશિયલ કસ્ટડીમાં છે. રાજસ્થાન રોયલ્સના ખેલાડી રાહુલ દ્રવિડ અને હરમિતસિંહને આ કેસમાં પ્રોસિક્યુશન સાક્ષી તરીકે બનાવવામાં આવ્યા છે. દિલ્હી પોલીસે શ્રીસંત, અંકિત ચૌહાણ અને અન્ય ૧૯ને આપવામાં આવેલી જામીનને રદ કરવાની માંગણી કરીને પણ કોર્ટમાં અપીલ કરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે બીસીસીઆઈની તપાસ સમિતિએ પોતાના અહેવાલમાં મયપ્પન અને રાજસ્થાન રોયલ્સના સહમાલિક અને અભિનેત્રી શિલ્પા શેટ્ટીના પતિ રાજકુન્દ્રાને પણ ક્લિન ચીટ આપવામાં આવી હતી.